તલોદના નગરપતિ પદે પ્રવીણભાઈ પટેલ બિનહરીફ

વાર્ડનં. ૬નું પ્રભુત્વ સતત ચોથા પ્રમુખ આપ્યા : પ્રજાજનોની વિકાસના મુદ્દે આશાભરી મીટ

તલોદ, તા. ૨૬

સાબરકાંઠાની ચાર નગર પાલિકાઓના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી મંગળવારના રોજ યોજાઈ હતી. યોજાયેલી ચુંટણીમાં ભાજપ પક્ષે આપેલા મેન્ડેડ મુજબ પ્રવિણભાઈ પટેલને પ્રમુખ અને ઉપેન્દ્રભાઈ ગજ્જરને ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટીને સત્તાનું સુકાન સોપાયું હતું. હાજર સૌએ વરણીને આવકારી અભિનંદન આપ્યા હતા.

મળેલ વિગતો મુજબ મંગળવારના રોજ તલોદ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રાંત અધિકારી આશાબેન શાહનાં અધ્યક્ષ પદે યોજાઈ હતી. જેમાં ભાજપ પક્ષના જિલ્લા નિરીક્ષક ગજેન્દ્રસિંહે મેન્ડેડ સાથે હાજર રહ્યાં હતા. ચૂંટમી પ્રક્રિયામાં ભાજપમાંથી પ્રમુખ માટે પ્રવિણભાઈ પટેલની દરખાસ્ત ધનેશભાઈ પટેલે મુકી હતી. અને સુનીલભાઈ શાહે ટેકો આપ્યો હતો. તેમજ ઉપપ્રમુખ માટે ઉપેન્દ્રભી ગજ્જરની દરખાસ્ત કિરણભાઈ નરસિંઘાણીએ મુકી હતી. અને ફાલ્ગુનીબેન ઠક્કરે ટેકો આપ્યો હતો. તેમજ પક્ષ તરફથી પણ આ બે નામના જ મેન્ડેડ હોવાથી અને બહુમતી ભાજપ પક્ષે હોવાથી સર્વાનુમતે વરણી કરાઈ હતી.

પ્રમુખ પ્રવીણભાઈ પટેલ અને ઉપપ્રમુખ ઉપેન્દ્રભાઈ ગજ્જરની વરણીને હાજર સૌ કોઈએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ગુલાલની છોળો ઉડાડી ફુલોના હાર પહેરાવી અભિવાદન કરાવ્યું હતું. આતશબાજીથી નગરજનોનું વરણીની જાણકારી અપાઈ હતી.

વોર્ડ નં. ૬નું પ્રભુત્વ પ્રમુખ આપવામાં સતત ચોથીવારનું રહ્યું હતું. જો કે પ્રજાજનો હાલમાં પીવાના પાણીની વિકટ સમસ્યામાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે સૌ નાગરીકો વિકાસ અને મૂળભૂત જરૂરીયાત પ્રત્યે આશાભરી નજરે જોઈ રહ્યાં છે. પ્રમુખ તથા ઉપપ્રમુખે સૌ નાના-મોટા પ્રશ્નો તાત્કાલિક ધોરણે નિવારણ લાવવાની ખાત્રી સાથે વિકાસને મહત્વ આપવા ઉપર ભાર મુકાશે તેવું જણાવ્યું હતું.

સી. જી. રોડ પરથી રૂા. ચાર લાખની ચીલ ઝડપ

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદના સી.જી. રોડના લાલ બંગલા પાસે આવેલા નેશનલ પ્લાઝા પાસેથી વાહનને ટક્કર મારી રૂા. ચાર લાખ ભરેલી બેગની ચીલઝડપ કરી ચોરો નાસી છૂટતાં સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. આ અંગે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વેજલપુરનાં કૃષ્ણનગર ખાતે રહેતાં બાબુભાઈ ડાંગી (ઉ.૩૯) સી. જી. રોડ પર આવેલા સુપરમોલ કોમ્પ્લેક્સમાં આર. આર. સેન એન્ડ બ્રધર્સ પ્રા.લિ. નામની કંપનીમાં એક્ઝિક્યુટીવ તરીકે ફરજ બજાવે છે.

પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી નગરપાલિકાના

સભાખંડમાં ચૂંટણી અધિકારી અને રીજીયોનલ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ રીકેશ પટેલની હાજરીમાં ચૂંટાયેલા સભ્યોની સામાન્ય સભામાં યોજવામાં આવી હતી.

પ્રાંતિજ નગરપાલિકા જેમાં ભાજપના ૧૬ અને ૫ અપક્ષો મળી કુલ ૨૧ સભ્યોની હાજરીમાં પ્રમુખ પદ માટે બે સભ્યો દ્વારા ઉમેદવારી નોંધાઈ હતી. જેમાં ભાજપના ગીરીશભાઈ દશરથભાઈ પટેલ અને અપક્ષના મોઈનમીયા હુસેનમીયા રાઠોડ દ્વારા પ્રમુખ પદ માટે ઉમેદવારી કરી હતી. જ્યારે ઉપપ્રમુખ માટે રામી રસીલાબેન ગોવિંદભાઈ સામે કોઈ ઉમેદવારી નોંધાવી ન હતી. જેથી તેમને બીન હરીફ ઉપપ્રમુખ જાહેર કરવામાં આવ્યા હતા અને પ્રમુખ પદ માટે ચૂંટણી અધિકારી દ્વારા ૨૧ સભ્યોને હાથ ઉંચો કરીને પ્રમુખ નીમવા માટેની ફરજ પાડી હતી. તેમાં ભાજપ તરફી ઉમેદવારને ૧૬ સભ્યોએ હાથ ઉંચો કર્યો હતો. તેમાં ચૂંટણી અધિકારીએ ગીરીશભાઈ પટેલને પ્રમુખ જાહેર કર્યા હતા. પ્રમુખ-ઉપ પ્રમુખની પસંદગી થતાં જ સમગ્ર સમાજ સહિત નગરજનોએ ફટાકડા ફોડી આતશબાજી અને અબિલ ગુલાલ ઉડાડી ખુશી વ્યક્ત કરી હતી.

જેમાં શહેર પ્રમુખ શંભુ બ્રહ્મભટ્ટ, નિત્યાનંદભાઈ, મા. પ્રમુખ ઉષાબેન બ્રહ્મભટ્ટ, સતીષભાઈ ખંડમા, ગૌતમભાઈ રાવલ, રાજકિય આગેવાનો તથા તમામ સભ્યો અને ભાજપના કાર્યકરોએ આનંદ વ્યક્ત કરી મોં મીઠા કર્યા હતા અને નવા પ્રમુખ ગીરીશભાઈને શુભકામના પાઠવી હતી. જો કે એ વસ્તુ નોંધવા જેવી છે કે બહુમતી ભાજપની હોવા છતાં અપક્ષ ઉમેદવાર પણ ઉમેદવારી નોંધાવતા બિનહરીફ થઈ શકી નહોતી.

શિશુવિહાર ભાવનગરના ઉપક્રમે આંખ ચકાસણી કાર્યક્રમ

ભાવનગરની સામાજિક સંસ્થા શિશુવિહારનાં ઉપક્રમે ૭૫ શાળાનાં ૩૭૭૦ બાળકોની આંખની તપાસ કરી હતી. સુધાબેન શાહ, કનુભાઈ શાહનાં સૌજન્યથી આ પ્રવૃત્તિ વિના મૂલ્યે ચાલે છે. અંધત્વ નિવારણ કાર્યક્રમ ૮૯૦ બાળકોને ચશ્મા વિતરણ કરાયા હતા. સંસ્થાને ૧૨૦૦ થી વધુ દર્દીઓને આંખના ઓપરેશન કરાવ્યા છે.

પ્રાંતિજના ઝીંઝવા ગામની મહિલાને આંગણવાડીમાં અન્યાય

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બાળવિકાસ યોજના અંતર્ગત ચાલતી આંગણવાડી કાર્યકરોની નિમણુંકમાં ઝાંઝવાની એક મહિલાને ઉંચુ મેરીટ હોવા છતાંય નીચા મેરીટવાળી મહિલાની નિમણુંક ગમે તે રીતે કરી દેતાં પોતાને થયેલા અન્યાય માટે પી.પી.ટી.સી. થયેલ આ મહિલા ૨૦૧૦થી ઝઝૂમવા છતાંય તંત્રના પેટનું પાણી નહીં હાલતાં અંતે આ મામલો મુખ્યપ્રધાન મોદી સુધી પહોંચવા છતાંય તંત્રના હાકેમો આનો કોઈજ જવાબ કે શા માટે અન્યાય થયોની કોઈ જ માહિતી નહી આપતાં માહિતી અધિકારના માનવોના નિયમોનું તંત્ર દ્વારા ખંડન કરાતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સામાન્ય રીતે આંગણવાડીમાં કાર્યકર તરીકે લાયકાત ધો. ૧૦ પાસની નક્કી કરેલ છે પરંતુ વધુ લાયકાત હોય તો મેરીટ બનાવાય છે.

ઝીઝવાની સુનીલાબેન મનોહરસિંહ પરમાર નામની આ મહિલા પી. પીટીસીમાં ૮૪ ટકા ગુણ મેળવી લાયકાત કરતાંય વધુ મેરીટવાળા હોવાં છતાંય અને મેરીટ યાદીમાં પહેલો નંબર હોવા છતાંય યાદીમાં પહેલો નંબર ઉડાડી દઈ સીધા બીજા નંબરની ઉમેદવારને ઓછા મેરીટવાળાને ભરતી કરી દેતાં ભ્રષ્ટાચારના કથિત આક્ષેપો બાળ વિકાસ યોજનાના તાલુકાથી માડી જિલ્લાના હોકેમો સામે આક્ષેપ થઈ રહ્યો છે.

આ સંદર્ભે યોગ્ય નહી થાય તો આ મહિલા દ્વારા બાળ વિકાસ યોજનાની ઓફીસ આગળ ગાંધી ચિંધ્યા માર્ગે જવાના આયોજનો થઈ રહ્યા છે.

ડીસામાં તસ્કરોનો તરખાટ : લાટી બજાર વિસ્તારના એક મકાનમાંથી ચાર લાખની ઘરફોડ ચોરી

જીલ્લામાં તસ્કરો માટે ડીસા હોટ ફેવરીટઃ ચારવર્ષમાં કરોડોની મત્તા ચોરતા તસ્કરોથી શહેરમાં આંતકનો માહોલ....

ડીસા, તા. ૨૬

ડીસા શહેરી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અજાણી તસ્કર ટોળકીએ શહેરને બાનમાં લઈ અનેકો ચોરીઓને અંજામ આપી શહેર પોલીસને જાણે ચેલેન્જ ફેંકેલ છે, ત્યારે અવાર-નવાર થતી ચોરીના ગુનાથી શહેર ભરમાં તસ્કર સામ્રાજ્ય વચ્ચે લોકો ભયભીત બનેલ છે. તેવાજ સમયે ડીસા ખાતે લાટી બજારમાં આવેલ બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો રોકડ અને દાગીના મળી કુલ કિ. રૂા.૪,૦૦,૦૦૦/- મુદ્દામાલની ચોરી કરી હતી. આ મામલે ડીસા શહેર પોલીસ મથકે ફરીયાદ દાખલ થતા પોલીસે તસ્કરોને ઝડપવા કવાયત હાથ ધરી હતી.

આ અંગેની મળતી વિગતો જોતા વહેપારી મથક ડીસામાં તસ્કરોનો તરખાટ યથાવત રહેવા લાગ્યો છે. જેથી ચોરીના વધુ એક બનાવ બનેલ છે. જેમાં શહેરના લાટી બજારમાં રહેતા અશોકભાઈ કાન્તીલાલ પંચીવાલા ગત શનિવારે પરીવાર સાથે બહુચરાજી માતાના દર્શન કર્યા હતા. તેથી રાતના સુમારે તેમના બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતાં. અને મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી તિજોરીમાં પડેલા રોકડા રૂા. ૨.૫૦ લાખ અને અઢી તોલા સોનાની બે ચેન મળી કુલ રૂા. ૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ચોરી ગયા હતાં. જે બાદઘેર પરત આવેલા અશોકભાઈ પંચીવાલાએ મકાનનું તાળુ તુટેલ જોઈ પોલીસને જાણ કરી હતી. તેથી પોલીસ દોડી આવી હતી. અને અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ચોરીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જોકે છેલ્લા ચાર વર્ષનો ડીસા શહેરી વિસ્તારનો ક્રાઈમ રેકર્ડ જોતા સમગ્ર જીલ્લાની ઘરફોડ ચોરીઓના નોંધાયેલા ગુનામાં ડીસા પ્રથમ નંબરે આવે છે. આ ચાર વર્ષના સમયગાળા દરમ્યાન શહેરી જનોની કરોડોની મત્તા ચોરાઈ છે. જ્યારે તપાસ એજન્સી દ્વારા ઘરફોડ ચોરીઓના નોંધાયેલા ગુનાઓમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલાજ ઘરફોડ ચોરીના ગુનાઓ ડીટેક થતાં તસ્કરો બેફામ બનેલ છે. અને શહેરીજનોમાં અસુરક્ષાની ભાવના ઘર કરી જતાં શહેરમાં તસ્કરોનો ભય ફેલાયો છે.

ડીસાના ભાચરવા ગામ પાસે કાર અકસ્માતમાં એકનું મોત : એક ગંભીર

ડીસા, તા. ૨૬

ડીસા તાલુકાના ભાચરવા ગામના પાટીયા પાસે ગત સાંજે પુર ઝડપે આવતી એક અલ્ટો કારની વચ્ચેઆવેલા કુતરાને બચાવવા જતાં મારૂતિ અલ્ટો કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં કારમાં સવાર એક ઈસમનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક ઈસમને ગંભીર ઈજાઓ થતાં તેને ૧૦૮ વાન દ્વારા ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

આ અકસ્માત અંગેની વિગતો જોતા ડીસા તાલુકાના મુડેઠા ગામના ભારતસિંહ વિરાજી પરમાર (ઠાકોર) ઉ.વ.૩૦ અને તેમના મિત્ર એવા નાની ઘરનાળ ગામના જેઠાભાઈ ધરમાભાઈ પ્રજાપતી ઉ.વ. ૩૦ ગઈકાલે સુન્ધામાતાજીએ દર્શન કરવા ગયા હતાં. દર્શન કરી ઘેર પરત ફરતાં ડીસા તાલુકાના ભાચરવા ગામ નજીક મારૂતિ અલ્ટો કાર નં. જી.જે.૮.૭૪૭૬માં સવાર આ બંન્ને મિત્રોને અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં રોડ ઉપર એકા-એક કુતરૂ દોડી આવતાં તેને બચાવવા જતાં ગાડી ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો. આથી કાર પલ્ટી ખાઈ જતાં ભારતસિંહ વિરાજી (ઠાકોર)નું ગંભીર ઈજાના કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે જેઠાલાલ ધરમાજી પ્રજાપતીને ઈજાઓ થતાં. તાત્કાલીક ૧૦૮ વાનનો સંપર્ક કરી સારવાર અર્થે ડીસા સિવિલમાં ખસેડાયા હતાં. જ્યારે મૃતક ભારતસિંહ પરમારની લાશને પી.એમ.અર્થે ડીસા સિવિલમાં લવાઈ હતી. આ મામલે ડીસા તાલુકા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

નિલપુર એપ્રોચ માર્ગ પરનું દબાણ દુર કરવા તંત્રના ઠાગા ઠૈયા

દાંતીવાડા, તા.૨૬

ચંડિસર હાઈ-વેથી નિલપુર જવાના એપ્રોચ માર્ગ પર રસ્તાની એક બાજુએ માર્ગથી ૨ ફુટના અંતરે દિવાલ ચણતા રસ્તો નાનો થઈ ગયો હોવાથી વાહનચાલકોને તકલીફ પડે છે. તેમજ નાના મોટા અકસ્માત સર્જાતા લોકોને ઈજા પહોંચે છે. આ મામલે ગ્રામજનોએ તંત્રને અનેકવાર દબાણ દુર કરવા રજુઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા દબાણ દુર નહીં કરાતા ગ્રામજનો રોષે ભરાયા છે.



પ્રાપ્ત માહિતી મુજબ દાંતીવાડા તાલુકાના નીલપુર ગામે જવાના રસ્તા ઉપર રસ્તાની એક બાજુએ બે ફુટ દુર માળી માધાજી સોનાજી સાંનાજીએ આર.સી.સી.ની દિવાલ બનાવી છે. જયારે રસ્તાની બીજી બાજુએ વાડ હોવાથી રસ્તો સાંકડો બની જવા પામ્યો છે. આથી પસાર થતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને વાહન ચલાવવામાં તકલીફ પડતી હોવાથી નાના મોટા અકસ્માત પણ સર્જાતા લોકો ઘાયલ થાય છે. દબાણ દુર કરવા અંગે ગ્રામજનોએ કલેકટર, કાર્યપાલક ઈજનેર, નાયબ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવી હોવા છતાં દબાણ જૈસે થે જ છે.

આર એન્ડ બીમાંથી નાયબ ઈજનેરે જગ્યાની મુલાકાત લઈ દિવાલ અંગે સર્વે કરીને ગયા હતા. તે વાતને પણ ઘણો સમય થવા આવ્યો હોવા છતાં દબાણ દુર કરવામાં તંત્ર ઠાગા ઠૈયા કરી રહ્યું છે. અને ત્યારે તેમણે જણાવ્યું હતું કે રોડથી ૯ મીટર દુર સુધી બાંધકામની મનાઈ હોય છે તેવી વાત કરી હતી જયારે આ દીવાલ તો ૨ ફુટ દુર છે માટે તંત્ર દ્વારા દિવાલનું દબાણ દુર કરે તેવી ગ્રામજનો ઉગ્ર રોષ સાથે માંગણી કરી રહ્યા છે.

વાઈબ્રન્ટ સ્કુલ ઓફ સાયન્સ એસ.એસ.સી ના વિધાર્થીઓની ટોપ-ટેન શોધ કસોટી યોજાઈ

ડીસા તા. ૨૬

ડીસાની નામાંકીત શૈક્ષણિક સંસ્થા વાઈબ્રન્ટ સ્કુલ ઓફ સાયન્સ, ડીસા દ્વારા ડીસા શહેર અને ડીસા તાલુકાની માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ-૧૦ (એસ.એસ.સી.)ના વિધ્યાર્થીઓની ટોપ-ટેન શોધ કસોટીનું શાળામાં આયોજન કર્યુહતું. જેમાં ડીસા શહેર અને તાલુકાના ૬૫૦ જેટલા વિધાર્થીઓએ ઉત્સાહથી આ સ્પર્ધામાં ભાગ લીધો એ પૈકી પ્રથમ દસ ક્રમે આવેલ ૬૫૦ જેટલા વિધાર્થીઓ ને વાઈબ્રન્ટ સ્કુલ ઓફ સાયન્સ, ડીસા દ્વારા ઈનામ અને શિલ્ડ, આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી સંજયભાઈ દેસાઈ જિલ્લા પંચાયત સદસ્યના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. તથા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતાં. શાળાવા આચાર્યશ્રી બળવંતભાઈ ઠાકોરે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યુહતું.

ખેડબ્રહ્મા પાલિકામાં ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ વિજેતા

ખેડબ્રહ્મા, તા.૨૬

ખેડબ્રહ્મા નવીન ચૂંટાયેલા સદસ્યોની મીટીંગ મંગળવારના રોજ પાલિકાના સભાખંડમાં મળી હતી. જેમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવતા ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખ બહુમતે ચૂંટાઈ આવ્યા હતા. ભાજપના હોદ્દેદારો ચૂંટાયેલા કાર્યકરોએ ગુલાલ તથા ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.

ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ભાજપના ૧૪ કોંગ્રેસના ૧૨ અને એક અપક્ષ મળી નવ વોર્ડમાં ૨૭ સદસ્યો ચૂંટાયા હતા. પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માટે ચૂંટાયેલા સદસ્યોની મીટીંગ મંગળવારે પ્રાંત અધિકારી આર.આર. ઠક્કરના અધ્યક્ષસ્થાને મળી હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ માટે ભાજપના રણવીરસિંહ ડાભીએ મેન્ડેડ ચૂંટણી અધિકારીને આપ્યો હતો. કોંગ્રેસ તરફથી કોઈ મેન્ડેડ આવ્યો ન હતો. પ્રમુખપદ માટે ભાજપ તરફથી વિનોદકુમાર રાજાભાઈ પટેલ તથા ઉપપ્રમુખપદ માટે હીતેશકુમાર મહેન્દ્રભાઈ દિક્ષિતે ઉમેદવારી નોંધાવી હતી જયારે કોંગ્રેસ તરફથી પ્રમુખપદ માટે સાગરભાઈ પોપટભાઈ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. મતદાન માટે ચૂંટણી અધિકારીઓ બંને પક્ષના સદસ્યોને વારાફરતી આંગળી ઉંચી કરાવી હતી જેમાં પ્રમુખપદ મટે ભાજપના વિનોદભાઈ પટેલનો ૧૫ મતે જયારે ઉપપ્રમુખપદ માટે હીતેશકુમાર દિક્ષિતને ૧૪ મત મળ્યા હતા. જયારે બીજી તરફ પ્રમુખપદના કોંગ્રેસના ઉમેદવાર સાગરકુમાર પટેલને ૧૨ મત મળ્યા હતા અને ઉપપ્રમુખના અપક્ષ ઉમેદવાર મુકેશકુમારને ૧૩ મત મળ્યા હતા. આમ પ્રમુખ તરીકે ભાજપના વિનોદભાઈ પટેલને વધુ મત તથા ઉપપ્રમુખ તરીકે હિતેશકુમાર દિક્ષિતને વધુ મત મળતાં ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

તલોદના પડુસણના ખેડૂતોને ઘઉંના પાક પર નિદર્શન

હિંમતનગર, તા. ૨૬

તલોદ તાલુકાના પડુસણ ગામે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ લિમિટેડના તલોદ ડેપો દ્વારા ગતરોજ ઘઉંના પાક ઉપર વિઠ્ઠલભાઈ રેવાભાઈ પટેલના ખેતર ઉપર પાક નિદર્શન તેમજ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આસપાસના વિસ્તારના ૭૦ થી વધુ ખેડૂતોએ સમજુતી અને માર્ગદર્શન મેળવ્યું હતું.

આ નિદર્શની કેમ્પમાં જી.એસ.એફ.સી.ના તલોદ ડેપોના સંચાલક ડૉ. એસ.બી. રાવલ દ્વારા ખેડૂતોને પોતાની જમીન અને પાણીને ઓળખી અને તેની ચકાસણી કરાવ્યા બાદ જ યોગ્ય માત્રામાં ખાતરો ઉમેરી ખેતીનો બિન જરૂરી ખર્ચ ઘટાડવા સલાહ આપી હતી. તથા જમીનના કુદરતી દ્રવ્યો જેવા કે છાણિયું ખાતર તથા જૈવિક ખાતર ઉમેરી લીલો પડવાશ કરી જમીનોની ફળદ્રુપતા વધારવા ભલામણ કરી હતી. જી.એસ.એફ.સી.ના ગોધરા ઓફિસના મેનેજર એચ.એલ. પટેલે ખેડૂતોને ખાતર વિતરણ વ્યવસ્થા તથા જિલ્લામાં રાસાયણિક ખાતરોની ઉપલબ્ધિ બાબતે વિગતે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૬૮૨૪૦-૬૪૬૨૮